આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૦૪-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## જીએસટીની આવક

તહેવારોનાં સમયમાં રાજ્યમાં વસ્તુ અને સેવા કર - જીએસટીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ઓક્ટોબર મહિનામાં જીએસટીની આવક ગત વર્ષનાં ઓક્ટોબરની સરખામણીમાં 18 ટકા વધીને 6 હજાર 146 કરોડ રૂપિયા થઈ છે.

રાષ્ટ્રીય સ્તરે 9 ટકાની સામે ગુજરાતમાં 18 ટકાનો વધારો થયો છે. રાજ્યની વેટની આવક 2 હજાર 584 કરોડ થઈ છે. વ્યવસાય વેરાની આવક 28 કરોડ રૂપિયા થઈ છે. ઓક્ટોબર મહિનામાં રાજ્યને 9 હજાર 744 કરોડ રૂપિયાની આવક થઈ હતી હતી. ચાલુ વર્ષમાં રાજ્યને 67 હજાર 981 કરોડની આવક થઈ છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## નાણાપંચના અધ્યક્ષની નિમણુંક

રાજ્યના નાણાપંચના અધ્યક્ષની જાહેરાત કરવામાં આવી છે.. રાજ્યના નાણાપંચના ચોથા અધ્યક્ષ તરીકે યમલ વ્યાસની નિમણૂંક કરવામાં આવી છે.. યમલ વ્યાસ ભાજપના ગુજરાત પ્રદેશના પ્રવક્તાની જવાબદારી નિભાવે છે. રાજ્યપાલ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. પંચાયત ધારા, 1993 અનુસાર આ નિમણૂંક કરાઇ છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## નર્મદા કેનાલમાં ડુબી જવાથી મોત

રાપરના શક્તિનગર ગેડી પાસે નર્મદા ડુબી જવાથી બે લોકોના મોત નિપજ્યા છે. જ્યારે અન્ય બે જણ લાપતા છે. છેલ્લા દસ દિવસમાં કેનાલમાં જીવલેણ બનાવની આજે બીજી ઘટના સર્જાઈ છે.

વાડી વિસ્તારમાં ખેત મજૂરીનું કામ કરતા મૂળ રાજસ્થાનના શ્રમજીવી પરિવારનો સગીર બાળક નજીકની કેનાલમાં પડી જતા તેને બચાવવા માટે અન્ય કૂદી પડ્યા હતા.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ બચાવવા પડેલા બંને જણના મૃત્યુ નિપજ્યા છે. જ્યારે બે જણ ની શોધખોળ ચાલી રહી છે.

**(NP/અશરફ નથવાણી)**

--------------------------------------------------------------------------------

## નખત્રાણા-દિપડો

નખત્રાણા તાલુકાના ધીણોધર ડુંગર પાસે આવેલી થાન જાગીર તરફના રસ્તા પર દીપડો જોવા મળ્યો હતો. આ વિસ્તારમાં દીપડો જોવા મળ્યો હોવાની ખબર ફેલાતા આસપાસના લોકોમાં રોમાંચ ફેલાયો હતો.

દીપડા માટે કાયમી વસવાટ ધરાવતા આ ડુંગર વિસ્તારમાં અંદાજે 5 જેટલા દીપડાઓ રહે છે. નર માદા અને તેમના બચ્ચાં અલગ અલગ વિસ્તારમાં ફરતા હોય છે, જે થાન ધીનોધર ડુંગર, ગેચડા, અરલ નાની મોટી, ગોધિયાર ચંદ્રનગર, વંગ સીમાડો અને છેક અરલ સુધીના સીમાડા વિસ્તારમાં ફરતા હોય છે તેમ જાણવા મળ્યું છે

**(NP/અશરફ નથવાણી)**

--------------------------------------------------------------------------------

## લખપત-કડવા પાટીદાર ખેલ મહોત્સવ

લખપત તાલુકાના દયાપર ગામ ખાતે તાલુકા કડવા પાટીદાર સમાજ પ્રેરિત યુવા સંગઠન દ્વારા આર્યન ખેલ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, આ પ્રસંગે નગરમાં ભવ્ય મસાલ રેલી યોજાઈ હતી.

દયાપર,દોલતપર, માતાનામઢ,ઘડુલી, સિયોત, ધારેશી, મેઘપર, નાની વિરાણી, સહિતના ગામોના ધંધાર્થે બહાર વસતા કડવા પાટીદાર સમાજના લોકો આ મહોત્સવને માણવા માટે પોતાના માદરે વતન આવ્યા છે.

ત્રણ દિવસ સુધી ક્રિકેટ,વોલીબોલ, બાસ્કેટબોલ, ગોળા ફેંક, લાંબી કુદ, ટેનિસ સહિતની અલગ અલગ 11 જેટલી સ્પર્ધામાં 2500 કરતા પણ વધુ સ્પર્ધકો આમાં ભાગ લઈ રહ્યા છે.

**(NP/અશરફ નથવાણી)**

---

## ટેકાના ભાવે ખરીદી

સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળી, મગ, અળદ, સોયાબિન સહિતના પાકોની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે, જેના માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી માટેની સમય મર્યાદા વધારીને 10 નવેમ્બર સુધી લંબાવાઇ છે.

ખરીફ પાક 2024-25 માટે મગફળી 6783 રૂપિયા, મગ 8682 રૂપિયા, અળદ 7400 રૂપિયા, જ્યારે સોયાબિન 4892 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ખરીફ 2024-25 મા મૂલ્ય સમર્થન યોજના હેઠળ આ પાકોની ટેકાના ભાવે ખરીદી આગામી 11 નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ માટે જે ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવાની બાકી રહી ગઇ હોય તેમણે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેનથી વીસીઇ મારફતે નાફેડના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર કરાવી લેવા જીલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયુ છે.

**(અશરફ નથવાણી)**

---

## મનરેગા-લોકપાલ

કચ્છમા લોકપાલ યોજનાના લોકપાલ તરીકે મોરબીના લોકપાલ કેડી અગરાને વધારાનો ચાર્જ અપાયો છે. ભારત સરકારની મનરેગા યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે છે, ત્યારે લોકોને અને શ્રમિકોને જો કોઈ ફરિયાદ હોય તો તેના માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં મોરબી લોકપાલને ચાર્જ આપવામાં આવ્યો છે. તેમણે ગત 14 ઓક્ટોબરથી ચાર્જ સંભાળ્યો છે તેમનો કાર્યક્ષેત્ર મનરેગા શ્રમિકોની ફરિયાદો સાંભળવી તથા ફરિયાદોનો નિકાલ કરવાનો છે. શ્રમિકો તેઓની ફરિયાદ ગ્રામ પંચાયત તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી શકે છે.

**(અશરફ નથવાણી)**

---

## હવામાન

હવામાન વિભાગે આગામી એક સપ્તાહ દરમિયાન જીલ્લામાં હવામાન સુકું રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

છેલ્લા બે દિવસથી રાજયના મોટા ભાગના વિસ્તારોમાં લધુત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે. છેલ્લા કેટલાક દિવસોની સરખામણીએ દિવસે લધુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

**(અશરફ નથવાણી)**

---

RNUBHUJ